# ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના પાદરડી ગામમાં ૧૦૦ ટકા રસીકરણ

## આરોગ્ય વિભાગના પ્રયત્નોથી આદિવાસી વિસ્તારમાં સફળ રસીકરણ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ખેડબ્રહ્મા તાલુકામાં રસીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા એડીટોચનું જોર લગાવવામાં આવી રહ્યું છે. તાલુકાના ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના પાદરડી ગામે મેડીકલ ઓફીસર ડૉ.હર્શિદા નાયક, આરોગ્ય સ્ટાફ તેમજ ગ્રામજનોના સહકારથી કોરોના રસીનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં રસીકરણને નબળો પ્રતિસાદ મળ્યો હતો જેથી સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ૧૦૦ ટકા રસીકરણ માટે પંચાયતને સહાય આપવાની જાહેરાત કરવામાં આવ્યા પછી પાદરડી ગામમાં ૧૦૦ ટકા રસીકરણ થતાં ગ્રામજનોને મળવાપાત્ર લાભ મળી શકે છે.

કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થયા પછી શિક્ષિત લોકોમાં રસી અંગે જાગૃતતા આવી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસી લેવા માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે પરંતુ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં હજુ પણ રસી અંગે પ્રજા ગેરમાન્યતામાં રાચી રહી હોવાના કારણે ખુદ ઉચ્ચ અધિકારીઓને રસીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે દોડવું પડ્યું છે. ખેડબ્રહ્માના ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સમાવિષ્ટ પાદરડી ગામના ગ્રામજનોને કોરોના રસીથી સુરક્ષિત કરવા માટે સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા લોકોમાં જાગૃતિ આવેતેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. ઘરે ઘરે જઈ રસીના ફાયદા સમજાવી લોકોમાંથી રસીનો ડર દૂર કરવામાં આવતાં આરોગ્ય વિભાગનો ૧૦૦ ટકા રસીનો લક્ષ્યાંક પરીપૂર્ણ થયો છે.

# રાજ્યમાં સ્વનિર્ભર શાળાઓ શરૂ કરવા સંચાલક મહામંડળ દ્વારા ઉગ્ર માંગ

## ઉત્તર ગુજરાતના દરેક જિલ્લામાં આવેદન અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સરકાર દ્વારા ટ્યુશન કલાસ, સરકારી સ્કુલો, શેરી શાળાઓ, ધાર્મિક સ્થળો સહિત વાણિજ્ય વ્યવસાયને કોવિડ ગાઈડલાઈન અનુસાર ખોલવાની મંજૂરી આપવામાં આવી છે પરંતુ ખાનગી શાળાઓ ખોલવા અંગે કોઈપણ કારણસર આંખ આડા કાન કરવામાં આવતાં સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ, ગુજરાત સમસમી ઉઠ્યું છે. આગામી ટૂંક સમયમાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સંચાલક મંડળ દ્વારા જિલ્લા કક્ષાએ આવેદનપત્ર આપી સરકાર સમક્ષ શાળાઓ ખોલવા માટે ઉગ્ર માંગ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરત ગાજીપરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કોરોનાની બીજી લહેર પહેલાં શાળાઓ તબક્કાવાર ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી જે અંગે ગુજરાતના તમામ સ્વનિર્ભર શાળા સંચાલકોએ પૂરતી તકેદારી સાથે કાળજી રાખી શાળાઓ શરૂ કરી હતી તે જ રીતે હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે અને સરકારે ટ્યુશન ક્લાસ તેમજ સરકારી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી છે. ત્યારે ખાનગી શાળાઓને કેમ શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો છે..?? ધો.૯ થી ૧૨ ના વર્ષો અભ્યાસ માટે અત્યંત અગત્યના હોય છે અને દોઢ વર્ષ જેટલું પ્રત્યક્ષ શિક્ષણ નુકસાનરૂપ સાબિત થઈ શકે છે જેથી સરકાર દ્વારા આ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યનો વિચાર કરી તાત્કાલિક ધોરણે સ્વનિર્ભર શાળાઓ શરૂ કરવા માટે નિર્ણય કરવો જોઈએ. આગામી ટૂંક સમયમાં સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવા માટેનો નિર્ણય જાહેર કરવામાં નહીં આવે તો તા.૧૯ જુલાઈના રોજ શાળા સંચાલકો રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના દરેક જિલ્લામાં આવેદન આપી ઉગ્ર માંગ કરશે તેમ છતાં સરકાર માંગણી નહીં સ્વીકારે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# જન્મદિને વધામણી



આર્યા તેજસકુમાર દરજી
ડાભા, તા.બાયડ



રવિ પટેલ
(માઢવાળી ફળી)
બાયડગામ, જિ.અરવલ્લી



તેજસ દિનેશભાઈ પટેલ
(ક્રિષ્ણા મોટર રીવાઈન્ડીંગ)
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ(ઉદેપુર)



જગદીશભાઈ ત્રિવેદી,
પત્રકાર
મોડાસા, જિ.અરવલ્લી



અલ્પેશ પટેલ
રડોદરા, તા.બાયડ



ક્ષિતિજ રૂપાલી
(ટીવી રિપોર્ટર)
રાયગઢ, તા.હિંમતનગર



ભાનુપ્રસાદ પટેલ
(પૂર્વ બોર્ડ સભ્ય : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર)
ઉમેદગઢ, તા.ઈડર



અશોકભાઈ એસ. પટેલ
(પૂર્વ આચાર્ય : અણિયોર હાઈસ્કુલ)
બાયડ, જિ.અરવલ્લી



જીત અરોરા
(પૂજા પ્રોવિઝન સ્ટોર્સ)
બાયડ, જિ.અરવલ્લી



ઈશ્વરભાઈ પી. ભાવસાર
(પ્રમુખ : સરડોઈ કેળવણી મંડળ)
સરડોઈ, તા.મોડાસા

# અરવલ્લી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પુરવઠા-ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

## પ્રજાજનોને અનુકુળ હોય તે પ્રકારે કામગીરીની વ્યવસ્થા કરવા સૂચના



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

અરવલ્લી જિલ્લા કલેક્ટર નરેન્દ્રકુમાર મીણાની અધ્યક્ષતામાં જિલ્લા નાગરિક પુરવઠા તેમજ ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી જેમાં પુરવઠાને લગતા મુદ્દા પુરવઠા વિભાગ દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જૂન-૨૦૨૧ ના અનાજ વિતરણ, કેરોસીનની ફાળવણી, વિતરણના પ્રમાણમાં થયેલ ફેરફાર તેમજ બંધ થયેલ વ્યાજબી ભાવની દુકાનના જાહેરનામા બહાર પાડવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જિલ્લામાં કાયદો વ્યવસ્થા સૂચારૂરૂપ જળવાઈ રહે તે માટે મહિલા સુરક્ષા સમિતિ ઉપરાંત પોલીસ સલાહકાર સમિતિની સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોડાસા, ભિલોડા અને બાયડના ધારાસભ્ય સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં શનિવારે જિલ્લા પુરવઠા, ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી જેમાં જિલ્લા કલેક્ટર દ્વારા પ્રજાને અનુકુળ આવે તેવા પ્રકારની કામગીરીની વ્યવસ્થા કરવા માટે સૂચના આપી હતી. બેઠકમાં પુરવઠાને લગતા પ્રશ્નો ઉપરાંત કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા અધિક નિવાસી કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીમાળી, મોડાસા, બાયડ પ્રાંત અધિકારી તેમજ આર.ટી.ઓ. અધિકારી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.દિલીપસિંહ, જિલ્લા પુરવઠા અધિકારી એમ. કે. ડોડીયા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શામળાજીમાં ભારત વિકાસ પરીષદ, ગુજરાત મધ્ય પ્રાંતનો વિભાગીય અભ્યાસ વર્ગ યોજાયો

ભિલોડા,તા.૧૮

સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણની સેવાકીય ભાવના સાથે અવિરત રીતે કાર્યરત ભારત વિકાસ પરીષદ, ગુજરાત મધ્ય પ્રાંતનો વિભાગીય અભ્યાસ વર્ગ દબદબાભેર રીતે યોજાયો હતો. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજવાડીના હોલમાં ભારત વિકાસ પરીષદ,ગુજરાત મધ્ય પ્રાંત,ગાંધીનગર-સાબરકાંઠા, વિભાગીય અભ્યાસ વર્ગ આનંદ, ઉત્સાહભેર યોજાયો હતો.ભારત વિકાસ પરીષદ, ગુજરાત મધ્ય પ્રાંત પ્રમુખ ફાલ્ગુનભાઈ વોરા, મહામંત્રી સુરેશભાઈ પટેલ, સહમંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, વિભાગીય સહમંત્રી જગદીશભાઈ







પટેલ,ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ રામઅવતાર શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ પંચાલ,કાંતીભાઈ પટેલ, કિશોરભાઈ પંચાલ સહિત હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## કતપુર ગામેથી ઘર આગળ પાર્ક કરેલ બાઇક ચોરાતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કતપુર ગામમાંથી રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર ચોરી કરી ને લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બાઈક માલિક દ્વારા અજાણ્યા બાઈક ચોરો સામે પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના કતપુર ગામે રહેતા મેહુલ કુમાર પોપટભાઈ વાઘેલા ઉ.વર્ષ-૨૯ કે જેવો નુ હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં. GJ09-DB7965 જેની આશરે કિંમત- ૮૦૦૦ કે જે ઘર આગળ રાત્રીના સમયે પાર્ક કર્યુ હતુ. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા બાઈક ચોરો સામે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# પ્રાંતિજના કતપુર ટોલટેક્સ પાસે કાપડ ભરેલ ટ્રેલરમાં આગ

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર ટોલટેક્સ પાસે અમદાવાદથી દિલ્હી તરફ કાપડ, દોરા અને કલર ભરેલ જઈ રહેલ ટ્રેલર મા અચાનક કોઈ કારણો સર આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી તો પ્રાંતિજ-હિંમતનગર



ફાયર બ્રિગેડ ટીમો દ્વારા તાત્કાલિક ધટના સ્થળે દોડી આવી ટ્રેલર મા લાગેલ આગ હોલવી હતી.

# જિલ્લામાં ખરીફ ખેતીના ખૂટતા શ્વાસ, વરસાદી ઝાપટાંથી ક્ષણિક રાહત

## વરસાદ ખેંચાતાં ચિંતાનાં વાદળ ઘેરાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે વરસાદનો ધોરીમાસ ગણાતા અષાઢ મહિનામાં ભારે વરસાદની આશા ઠગારી નિવડી છે. ખેડૂતોએ ૧૪ તાલુકાઓમાં અત્યાર સુધીમાં ૩.૩૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં વિવિધ ખરીફ પાકનું વાવેતર કરી દીધું છે પરંતુ ખેતી માટે પર્યાપ્ત વરસાદ વરસતો નથી જેથી ખરીફ ખેતીના ખૂટતા શ્વાસ જેવી સ્થિતિ છે. વાવેતર બચાવવા માટે ખેડૂતોને સિંચાઈનાં પાણી છોડવાની ફરજ પડી છે પરંતુ માત્ર આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતો માટે ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. બંન્ને જિલ્લામાં ધોધમાર વરસાદની આશા વચ્ચે અલપ..ઝલપ ઝાપટાં સ્વરૂપે વરસાદ વરસતાં ખેતીને ક્ષણિક રાહત જરૂર થઈ પરંતુ વરસાદની ખેંચથી ખેતીનું ચિત્ર ચિંતાજનક છે.

ચોમાસાના અટકચાળાથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. વર્તમાન સીઝનમાં વરસાદ વહેલો હોવાનું ખેડૂતોએ માની લીધું ખેતરોમાં ખરીફ સીઝનનો ધમધમાટ શરૂ થયો. કપાસ, મગફળી, મકાઈ સહિતના પાકની વાવણી ખેડૂતોએ હરખાતા હૈયે કરી પરંતુ હવે વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાયો છે જેથી ખરીફ ખેતી ઉપર સંકટ ઉભું થયું છે. આકાશમાં ધોધમાર વરસાદ વરસે તેવા ચિન્હો જણાય છે પરંતુ વરસાદ વરસતો નથી. વાવેતર પછી બિયારણ નિષ્ફળ જાય તેવી દહેશતના પગલે ખેડૂતોએ હવે વાવેતર બચાવવા માટે સિંચાઈનાં પાણી છોડ્યાં છે. જ્યારે વરસાદ આધારીત ખેતી કરનારા ખેડૂતો ઘેરી ચિંતામાં સરી પડ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં સીઝનના આરંભ સાથે અત્યાર સુધીમાં ૧.૭૩ લાખ તેમજ અરવલ્લી જિલ્લામાં ૧.૫૭ લાખથી વધુ હેક્ટર જમીનમાં ખેડૂતોએ વાવણી કરી દીધી છે પરંતુ હવે ખેતી માટે વરસાદની તાતી જરૂરીયાત ઉભી થઈ છે પરંતુ વરસાદનું ક્યાંય ઠેકાણું નથી માત્ર છૂટાછવાયા ઝાપટાં સ્વરૂપે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે મૂરઝાતી ખેતીને થોડુંક જીવતદાન મળ્યું ખરૂ પરંતુ હજુ પણ ધોધમાર વરસાદ નહીં વરસે તો વરસાદની અછતથી ખેતીને નુક્સાન થવાની ભીતી ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

# ક્યાંય ખુશી ન દેખાઈ : સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૨ સાયન્સનું ઓનલાઈન પરિણામ

## સર્વોચ્ચ શિક્ષણ આપતી અને મધ્યમ શાળાઓમાં પણ તમામ વિદ્યાર્થી પાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૨ સાયન્સનું ઓનલાઈન પરિણામ જાહેર થયું. પરંતુ દર વર્ષે બોર્ડ પરિણામ દરમ્યાન જોવા મળતી ખુશાલી ક્યાંય પણ ન જોવા મળી. સર્વોચ્ચ શિક્ષણ આપતી અને મધ્યમ શિક્ષણ આપતી શાળાઓમાં પણ તમામ વિદ્યાર્થી પાસ થયા હતા. એક રીતે શિક્ષણ વિભાગ અને બોર્ડ દ્વારા તમામ રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપવા માટે કરાયેલો નિર્ણય યોગ્ય નથી તેવું ધો.૧૨ સાયન્સના પરિણામ ઉપરથી જોવા મળ્યું છે.

### તમામ વિદ્યાર્થી પાસ છતાં અરવલ્લીનું શિક્ષણ કથળ્યું

બાયડ : બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સનું પરિણામ ગત રોજ જાહેર થયું. જેમાં શાળામાંથી જ વિદ્યાર્થીઓને ગુણાંકન આપવાનું હતું અને તેના આધારે બોર્ડે પરિણામ જાહેર કર્યું છે જેમાં ધો.૧૨ સાયન્સ પ્રવાહમાં અરવલ્લીના માત્ર ૧૪ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. કદાચ બોર્ડે પરીક્ષા યોજી હોત તો માંડ ૫ વિદ્યાર્થી પણ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવી શક્યા હોત કે કેમ..?? લાગે છે કે જિલ્લામાં સાયન્સ પ્રવાહનું શિક્ષણ કથળી રહ્યું છે.

બોર્ડ પરીક્ષાનું મહત્વ હાથે કરીને માધ્યમિક શિક્ષણ બોર્ડે ઘટાડી દીધું છે. આખા વર્ષ દરમ્યાન કોરોનાના વિકાળ સ્વરૂપ છતાં એકમ કસોટીઓનાં આયોજન થયાં. શિક્ષકોએ પોતાના જીવની પરવા કર્યા વગર હોમ લર્નિંગ અને ઓનલાઈન શિક્ષણ આપ્યું. મોટાભાગના શિક્ષણવિદોનો મત એવો હતો કે ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષા યોજાવવી જોઈએ. સમય ટૂંકાવો, એમ.સી.ક્યુ. આધારીત પ્રશ્નપત્ર નિકાળો પરંતુ બોર્ડમાં બેઠેલા જી..હજૂરીયાઓએ ભૂમિગત કેળવણીકારોનું માન્યું નહીં અને છેલ્લે સ્થિતિ એ આવી કે કોરોનાનું સંક્રમણ ધીમું પડ્યું છતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો નિર્ણય લેવાયો. છેલ્લા દોઢ વર્ષથી ધો.૧૨ બોર્ડ પરીક્ષાની તૈયારી કરતા અનેક છાત્રો નિરાશ થઈ ગયા, કેટલાક રડી પડ્યા પરંતુ માસ પ્રમોશનના આ નિર્ણય સામે અનેક વાલીઓનો બડાપો છતાં જાહેરમાં હરફ ઉચ્ચારી શક્યા નથી. ગત રોજ ધો.૧૨ સાયન્સનું ઓનલાઈન પરિણામ જાહેર થયું. સાબરકાંઠા, અરવલ્લીના કુલ-૩૫ છાત્રો એ-વન ગ્રેડમાં ઉત્તિર્ણ થયા. તમામ વિદ્યાર્થીઓ પાસ થવાના કારણે સાયન્સ કોલેજોને પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓની સંખ્યા મળી જશે પરંતુ આવા વિદ્યાર્થીઓની કારકીર્દીને પરીક્ષા ન યોજાવવાના કારણે જે અસર પહોંચી છે તેની ભરપાઈ કોણ કરશે..??

# તલોદના બ્રાહ્મણ યુવાનનું પાયલોટ બનવાનું સ્વપ્ન સાકાર થયું...!



તલોદ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગરના એક બ્રહ્મ પરિવારના યુવાને પાયલોટ બનવાનું તેનું સ્વપ્ન સાકાર કરીને નગર ,ગામ,સમાજ તથા યુવા વર્ગને પણ ગૌરવ પ્રદાન કરેલ છે. તાલુકાના નાનકડા એવા મોહનપુર ગામે થી તલોદ આવી વસેલા વ્યાસ પરિવારના આ યુવાને છેલ્લા ચારેક વર્ષથી વિમાન ના ચાલક (પાયલોટ) બનવા કરેલી જહેમત સફળ રહી છે. જીગર વ્યાસ નામના પાયલોટ બનેલા આ યુવાને હવે 'કેપ્ટન જીગર વ્યાસ' તરીકેની ઓળખ (પદવી) મેળવી લીધી છે. જે પોતે નજીકના ભવિષ્યમાં પૃથ્વીથી હજારો કિલોમીટર દૂર આકાશમાં વિમાન ચલાવવાનું કાયદેસર સદભાગ્ય હાંસલ કરશે.

તલોદ તાલુકાના મુળ. મોહનપુર ગામના રહીશ અને વર્ષોથી તલોદ આવી વસેલા તેમજ સ્થાયી થયેલા તલોદ પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળીના મેનેજર ભાર્ગવ કુમાર અરવિંદભાઈ વ્યાસનો જ્યેષ્ઠ પુત્ર જીગર વ્યાસ( ઉં. વ.૨૩) નાઓએ પાયલોટ બનવા માટેની અને કોમર્શિયલ પાયલોટ લાઈસન્સ (સી.પી.એલ.) મેળવવા માટેની તમામ કસોટીમાંથી પાર ઊતરી ને સફળતા મેળવી છે .જેણે પાયલોટ બનવાના અભ્યાસ અન્વયે ૨૦૦ કલાકનું વિમાનનુ ઉડ્ડયન અને તેના સંદર્ભ ની પરીક્ષા નાહ પેપર પાસ કરીને આ સિદ્ધિ મેળવી છે. તલોદની સી ડી પટેલ હાઈસ્કુલ મા ધોરણ ૧૨ સાયન્સનો અભ્યાસ કર્યા બાદ 'જીગર વ્યાસ નો પાયલોટ પ્રોજેક્ટ જ પાયલોટ બનવાનો હતો.' પાયલોટ બનવાના ગોલ સાથે તેણે સ. ને. ૨૦૧૬ થી જહેમત ઉઠાવી હતી અને તાજેતરમાં જ તે સફળતા ના શિખરે પહોંચ્યો હતો. એક મધ્યમવર્ગીય પરિવારના કુળદિપક ને આમ પાયલોટ બનતો જોતા સહજ ભાવે તેના પિતા ભાર્ગવ વ્યાસ માતા દક્ષા વ્યાસ ભાઈ દીપ અને વૃદ્ધ દાદા-દાદી સહિતનો વિશાળ પરિવાર અનહદ આનંદ ની અનુભૂતિ કરી રહ્યો છે.

## અવસાન નોંધ...



બાયડ : બાયડના મહેશભાઈ(પ્રકાશભાઈ) પટેલ (નવરંગ પાન પાર્લર-બાયડ) ના પિતા ભોળાભાઈ ડુંગરભાઈ પટેલ(લોદરા)નું નિધન થયેલ છે.

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**